# ગુજરાતીઓ માટે આઈટીનો ગેટવે-ગુજ્જુચેપ્સ

## આઈટી ક્ષેત્રમાં જવા માંગતા ગુજરાતીઓને દિશા આપતી ગ્લોબલ ઇ-કમ્યુનિટી

હરિત મહેતા
અમદાવાદ

ગુજરાત અને આઈટી વચ્ચે ભલે ગાઢ સંબંધ ન હોય પણ કેટલાંક ગુજરાતી આઈટી વ્યાવસાયિકો આઈટી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માગતા ગુજરાતીઓને છેલ્લાં ત્રણ વર્ષથી મદદ કરી રહ્યાં છે. બેંગલોરમાં વડુંમથક ધરાવતી 'ગુજ્જુચેપ્સ' ૧૩,૦૦૦ પ્રોફેશનલ્સનું સભ્યપદ ધરાવતી ગ્લોબલ ઈ-કમ્યુનિટી છે. આઈટીને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય પર આધારિત રહેવાને બદલે દેશભરમાં કાર્યરત ગુજરાતી આઈટી વ્યાવસાયિકોએ ભેગા મળીને આ કાર્યની જવાબદારી ઉઠાવી છે.

'ગુજ્જુચેપ્સ' નોકરી શોધતા ગુજરાતી યુવાનોને ઈન્ટરવ્યૂ માટે તાલીમ આપવાથી માંડીને ભોજનની વ્યવસ્થા કરી આપવા સુધીની મદદ કરે છે. હાલમાં હૈદરાબાદમાં અમેરિકાની ટોચની કંપની જનરલ ઈલેક્ટ્રિકમાં પ્રોસેસ સ્પેશિયાલિસ્ટ તરીકે કાર્યરત માલવ સંઘવી જ્યારે કારકિર્દી માટે કોઈ મોટી તકની




શોધમાં હતો ત્યારે તેના એક મિત્રએ તેને ગુજ્જુચેપ્સ વિશે જણાવ્યું હતું,માલવ કહે છે, ''આ એક 'મેચ-મેકર' છે.'' હાલમાં સનગાર્ડ કંપનીમાં કામ કરતા ધવલ પટેલનો કંઈક આવો જ અનુભવ છે. તે કહે છે, ''હું ગુજ્જુચેપ્સનો ખૂબ ઋણી છું.'' માસ્ટર્સ ઈન કમ્પ્યુટર એપ્લિકેશનની ડિગ્રી સાથે ધવલે જ્યારે ફેબ્રુઆરી-૨૦૦૪માં ભારતની સિલિકોન વેલી મનાતા બેંગલોરમાં પગ મૂક્યો ત્યારે તેના મિત્રોએ તેને ગુજ્જુ ચેપ્સનું વિશે કહ્યું હતું.

ગુજ્જુ ચેપ્સના ઉચ્ચ હોદ્દેદાર પ્રણવ દેસાઈ કહે છે, ''આપણા આઈટી વ્યાવસાયિકો આ ઉદ્યોગમાં ટકી રહે તે માટે તેમની ટેક્નિકલ ગુણવત્તામાં સતત સુધારો કરવા અમે સમયાંતરે ગુજરાતનાં વિવિધ સ્થળોએ અસરકારક સેમિનાર અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ.'' પ્રવણ દેસાઈ બેંગલોરમાં ઓરેકલ કોર્પોરેશનમાં કામ કરે છે. તેમનો દાવો છે કે, ગુજ્જુચેપ્સ આઈટી ક્ષેત્રની પહેલી એવી બિનનફાકારક સંસ્થા છે, જે આ ક્ષેત્રમાં સમુદાયના કલ્યાણ માટે સતત સેવાઓ અને ટેકો પૂરો પાડે છે. આઈ ઉદ્યોગ સુધીની પહોંચ ન ધરાવતાં લોકો અને આ ઉદ્યોગમાં ટેક્નિકલ ગુણવત્તાઓનું ખરું મૂલ્ય શું છે તે બાબતથી અજાણ લોકોને ગુજ્જુચેપ્સ મદદ કરે છે. પ્રણવ દેસાઈ કહે છે, ''અમારા હજારો સભ્યો ભારત, અમેરિકા અને વિશ્વના વિવિધ શહેરોમાં સ્થાયી થયાં છે.''

આ સંસ્થાના અન્ય એક વરિષ્ઠ હોદ્દેદાર શૈલેષ શાહ કહે છે, ''આ સ્પર્ધાત્મક ઉદ્યોગમાં અમારા સભ્યોને વધુ પ્રભાવશાળી રીતે રજૂ કરવા માટે અમે રિઝ્યુમ બિલ્ડિંગ જેવી પ્રોફેશનલ સર્વિસ પૂરી પાડીએ છીએ. રિઝ્યુમ્સને અમે સેંકડો કંપનીઓ અને કન્સલ્ટિંગ કંપનીઓ સુધી પહોંચાડવા, સભ્યોને આ ક્ષેત્રની જરૂરિયાત મુજબ તૈયાર કરવા માટે તેમને ટેક્નિકલ અને નૈતિક ટેકો આપવો અને તેઓ તેમની ક્ષમતાઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે તે માટે ઈન્ટરવ્યૂ તૈયારી કેમ્પ્સ જેવી પ્રવૃત્તિઓ એક સેવા તરીકે પૂરી પાડીએ છીએ. શૈલેષ શાહ હાલમાં માઈક્રોસોફ્ટ કોર્પોરેશનમાં કામ કરે છે.

આ હોદ્દેદારોએ જ્યારે ગુજ્જુચેપ્સની શરૂઆત કરી ત્યારે તેઓ બેંગલોરમાં હતા. શાહે જણાવ્યું કે, ''હવે આ પ્રકારની સેવાઓ પુણે, હૈદરાબાદ, ચેન્નાઈ, દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં પણ શરૂ કરવામાં આવી છે.''

# Everything Gujjuchaps do, they do it for IT people

Harit Mehta
AHMEDABAD

GUJARAT and IT may not go hand-in-hand. But a bunch of Gujarati IT professionals are doing a 'Rang De Basanti' to change it all. Instead of banking on the state to promote IT, Gujarati professionals across the country, have got together and taken the task in their own hands. What started off as a modest beginning, today has around 13,000 professionals associated with the movement — the movement called Gujjuchaps. Headquartered in Bangalore, GujjuChaps Global E-Community has been serving the Gujarati community for the last three years by helping anyone from the state willing to work in the sector. Right from accommodating strugglers to training them for the interviews, Gujjuchaps is doing everything.

**MAKING A MARK**

**They are** perhaps the first non-profit organisation in this field, providing constant services and support for the welfare of the community. This helps people with no reach to the live market and industry

So, when Malav Sanghvi, currently working with General Electric, Hyderabad, as a process specialist was looking for a bigger opportunity, a friend referred him to Gujjuchaps. "It's a match maker," he says.

Or, take the case of Dhaval Patel. "I owe a lot to them," says Patel, who works with Sunguard. When this young masters in computer application landed in the Indian silicon valley of Bangalore in February 2004, his friends suggested the name.

"To accomplish our mission, we have been conducting effective seminars and awareness camps frequently at various places in Gujarat to get our IT professionals the knowledge and motivation for keeping their technical and functional qualities updated to survive in the industry," says Pranav Desai, a senior office-bearer in Gujjuchaps and a professional working with Oracle Corporation in Bangalore.

Desai claims they are perhaps the first non-profit organisation in this field, providing constant services and support for the welfare of the community. This helps people with no reach to the live market and industry and those who are not aware of what is the real value of the technical qualities in the industry. "Thousands of our members have been settled in big cities in India, the US and some other countries across the globe," he says. The group offers Gujarati strugglers free accommodation, food, transportation and also helps them in their job hunting and interview processes. "Apart from these, we also extend the professional services such as resume building to represent our professionals more impressively in this competitive industry. We also prepare our guys to face the industry so that they can prove their abilities and qualities. This is done by organising interview preparation camps, amongst other activities," says Shailesh Shah, another senior office-bearer of Gujjuchaps. Shah currently works with Microsoft Corporation in Redmond, WA. The time when they started the services, Bangalore was their hub. "But now the same operations, services and supports have been launched in Pune, Hyderabad, Chennai, Delhi and Mumbai at the same pace," he says.



harit.mehta@timesgroup.com

Today's TM
Today's Writing Products Ltd.
JEETNA HAI TODAY